# "ધોડિયા જાતિની શિક્ષિત યુવતીઓમાં સામાજિક અને રાજકીય જાગૃતિ" (નવસારી જિલ્લા ના ખેરગામ તાલુકા ના સંદર્ભમાં)

**DIKSHITA A. PATEL**
M.PHIL Research Scholar
Dept. of Social Sciences, Gujarat Vidyapith, Ahmedabad, Gujarat.

Received: May 29, 2018 Accepted: July 10, 2018

**પ્રસ્તાવના:**

ભારતના આદિવાસીઓ પોતાની સંસ્કૃતિનું વિશિષ્ટ અને આગવું સ્થાન ધરાવે છે. પ્રાચીન સમયમાં તેઓ મોટાભાગે જંગલ અને પહાડી વિસ્તારામાં વસવાટ કરતા હતા તેમની પોતાની વિશિષ્ટ બોલી, પંરપરા અને વિશિષ્ટ રીતરિવાજો હતા. તેઓ બિન આદિવાસી સમજમાંથી અલગ પડતા હતા અને જંગલ અને ડુંગારાળ પ્રદેશોમાં વસવાટ કરતા હોવાથી તેઓ આધુનિક શિક્ષણ, ટેકનોલોજી વગેરે બાબતોથી વંચિત રહિ જવા પામતા. સ્વતંત્રતા પ્રાપ્તિના ૬૦ વર્ષો પછી પણ તેઓમાં અમુક અંશે સામાજીક, આર્થિક અને રાજકીય બાબતોમાં ઓછો રસ ધરાવતા જોવા મળતા હતા. તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળતું હતું. પરંતુ વર્તમાન સમયમાં તેમની શૈક્ષણિક, સામાજિક અને રાજકીય તેમજ આર્થિક સ્થિતિમાં સુધારો થતો જોવા મળી રહ્યો છે. પ્રસ્તુત સંશોધન લેખમાં ધોડિયા જાતિની શિક્ષિત યુવતિઓમાં સામાજિક અને રાજકીય જાગૃતિ અંગેની વિગત રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સામાજિક જાગૃતિ:-

સ્ત્રીઓના સામાજિક દરજ્જો એક સંયુકત ખ્યાલ છે. તે સમાજના કેટલાક મૂલ્યોના અર્થમાં સ્ત્રીમાં સ્થાનને સૂચિત કરે છે. કુંટુંબ, લગ્ન, મિલકત, આર્થિક જીવન, શિક્ષણને અનુલક્ષીને સ્ત્રીના સામાજિક દરજ્જાની સમજ મેળવી શકાય સ્ત્રી પોતના કૌટુંબિક તેમજ બંધારણીય હક્કો, લગ્ન અંગેના અધિકારો, બાળલગ્ન, દહેજ, આંતરજાતિય અને આંતરજ્ઞાતીય લગ્નો, ગર્ભપરિષણ, સ્ત્રીભૂણ હત્યા, જન્મ અને મૃત્યુ અંગેની વિગતો, છુટાછેડા અંગેની સભાનતા, સ્ત્રી મિલકત વારસદાર અંગેની જાણકારી ધારવે અથવા બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક રીત રિવાજો, સ્ત્રીને કુંટુંબ અને લગ્ન અંગેની વિચારસરણી શિક્ષણનું મૂલ્ય પરંપરા,બોલી, પહેરવેશ, ધોરણો મૂલ્યો વગેરે બાબતોમાં આવેલુ પરિવર્તન કે સભાનતા ને સમાજિક જાગૃતિ કહેવામાં આવે છે.

સમાજમાં વ્યકિતનો કોઇ ને કોઇ દરજ્જો હોય છે. વ્યકિતનો દરજ્જો એટલે સમાજમાં વ્યક્તિને મળેલા હક્કો, અધિકારો, સમાજમાં સ્ત્રીનો કુટુંબ, લગ્ન. શિક્ષણ, મિલકત, આરોગ્ય વ્યવાસાય વગેરે બાબતોનો સમવેશ સામાજિક દરજ્જામાં કરવામાં આવે છે, આદિવાસી સમાજમાં સ્ત્રીના દરજ્જા અને ભૂમિકા અલગ પ્રકારની હોય છે. તેઓ એક સાથે વધુ ભૂમિકામાં જોડાયેલા હોય છે.

કોઇપણ સમાજનો વિકાસ તપાસવો હોય તો તે સમાજની સ્ત્રીઓમાં તેમના સ્થાન, દરજ્જા, હક્કો, અધિકારો અંગે કેટલી સભાનતા છે. તે તપાસવું અવશ્યક બને છે તેના પરથી તે સમાજ કેટલો વિકાસશિલ છે તે અંગેનો ખ્યાલ મેળવી શકાય છે પછી તે સમાજ ઉચ્ચ, મધ્યમ કે નિમ્ન અથવા આદિવાસી હોય પરંતુ ઉપરોકત બાબતો તેમના વિકાસ અંગેની વિગત મેળવવામાં ઉપયોગી નીવડે છે.

પ્રવર્તમાન સમયમાં આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા બદલાઇ રહ્યા છે. તેમના સામાજિક જીવન જેમ કે સમાજના વિવિધ રીત રિવાજો, લગ્ન, કુટુંબ, કુટુંબમાં સ્થાન, દરજ્જો, ભૂમિકા તેમજ સમાનતા વગેરે બાબતોમાં સભાનતા વિકસતી જોવા મળી રહી છે. ધોડિયા જાતિની શિક્ષિત યુવતીઓમાં પોતાના સામાજિક જીવન અંગેના ખ્યાલોમાં પરિવર્તન આવી રહયુ છે. તેમના પરંપરા રીત-રિવાજો જેવા કે જન્મ, મૃત્યુ સમયે થતી વિધિ અને બાળકના જન્મ સમયે થતી વિધિ ઓ અંગે તો જાણકારી ધરાવે છે પરંપરાગત સમયે તે વિધિ કેવા પ્રકારે થતી હતી તેમજ વર્તમાન સમયમાં વિધિની ક્રિયાઓમાં કેવા પરિવર્તન આવ્યા છે તે વિધિનું શુ મહત્વ છે તેમજ તેમાં સ્ત્રીની શી ભૂમિકા છે વગેરે બાબતો અંગે સભાનતા વિકસી રહી છે.

ધોડિયા જાતિની યુવતિઓ સમાજના વિવિધ સામાજિક પ્રસંગોમાં ભાગ લેતી જોવા મળે છે. પહેલાના સમયમાં સમાજના વિવિધ પ્રસંગોમાં પૂરૂષો જ જતા પરંતુ વર્તમાન સમય લગ્ન, મૃત્યુ, સમાજની મિટિંગ તેમજ અન્ય વિવિધ કાર્યક્રમોમાં ભાગ લે છે.

કુટુંબનું સંચાલનમાં પણ સ્ત્રીઓનો ફાળો મહત્વનો જોવા માળેછે. ધોડિયા જાતિમાં બાળ લગ્નો નહિવત અથવા ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. મોટા ભાગની યુવતીઓ સામાન્ય રીત્ર ૧૮ થી ૨૨ વર્ષની વયમાં લગ્ન કરવાનું પસંદ કરતી જોવા મળે છે. તેમના લગ્નની વય ઊંચી આવી છે. જેનું મુખ્ય કારણ શિક્ષણ છે. જીવન સાથીના પસંદગીના ક્ષેત્રો વિશાળ બન્યા છે. આંતર જાતિય અને આંતરજ્ઞાતીય લગ્નો સ્વીકાર થવાની શરૂઆત થય ગઇ છે. તેમજ તેઓ પરંપરાગત લગ્ન વિધિ કરતા બ્રાહ્મણ વિધિથી લગ્ન કરવાનું પસંદ કરે છે. તેમજ જીવનસાથીની પસંદગીના પાસાં જેવા કે સુંદરતા, સ્વભાવ, સંસ્કાર, શિક્ષણ, નોકરી, આર્થિક સ્થિતિ કુટુંબની સામાજિક પ્રતિષ્ઠા વગેરેને વધુ મહત્વ આપે છે, ધોડિયા જાતિમાં દહેજ પ્રથા નાબુદ થવા પમી છે. અને કન્યા ને માતા પિતા સગા સંબંધી કે મિત્રરો દ્વારા જે કાઇ વસ્તુ અપવામા આવે છે તે કન્યા દાન સ્વરૂપે અપવામાં આવે છે. વગેરેને વધુ મહત્વ આપે છે તેમના પહેરવેશમાં પરિવર્તન આવ્યું છે તેમજ વિધવા પૂન: લગ્નને સ્વીકૃતિ મળે છે. છૂટાછેડા ને માન્યતા મળી છે. જો કે વડિલોમાં હજુ પણ છૂટાછેડા જેવી બાબતોને ગંભીર સ્વરૂપે જોવામાં આવે છે. તેમજ દહેજ પ્રથાની નાબુદી થઇ છે. તો વિવિધ કાયદાકિય અધિકારો અને હક્કો પ્રત્યે જાગૃત બન્યા છે.

સમાજ અને શિક્ષણ વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે. પ્રત્યેક સમાજની શિક્ષણ વ્યવસ્થા શિક્ષણના હેતુઓ અને પ્રવૃતિઓના આધાર તે સમાજની સાંસ્કૃતિક ઢબ ઉપર રહેલો છે આધુનિકયુગમાં કોઇપણ સમાજની સભ્યાતઓ સ્તર નક્કી કરવા માટે શિક્ષણનું પ્રમાણ મહત્વનું માપદંડ ગણવામાં આવે છે. કારણકે આધુનિક જીવન માટે જરૂરી કૌશલ્યો વિકસાવવા માટે તેમજ સામાજિક ગતિશીલતા અને માનવીના બૌધ્ધિક અને વિચારસરણિના વિકાસ માટે શિક્ષણ એક અનિવાર્ય પરિબળ છે. ધોડિયા જાતિના દરેક કુટુંબો દિકરીને શિક્ષણ આપવાતા જોવા મળે છે ગામમાં શિક્ષણની વ્યવસ્થા ના હોય તો અન્ય ગામ કે શહેરમાં શિક્ષણ મેળવવા માટે મોકલવે છે યુવતીઓ સ્વનિર્ભર બનવા, સારુ જીવન જીવાવા, યોગ્ય જીવનસાથી મેળવવા, સમજશક્તિ વિકસાવવા, અંધશ્રધ્ધામાં ધટાડો થાય તેમજ આરોગ્યની બાબત પ્રત્યે સભાનતા વિકસે તે માટે શિક્ષણ મેળવવાનું પસંદ કરે છે. તેમજ યોગ્ય જીવન ધડતર માટે શિક્ષણને જરૂરી સમજે છે શિક્ષણના કારણે તેમની સમગ્ર જીવન શૈલીમાં પરિવર્તન આવેલ જોવા મળે છે.

ધોડિયા જાતિની શિક્ષિત યુવતીઓ આર્થિક રિતે સ્વનિર્ભર બની રહી છે તેઓ પરાવલંબી રહેવાનું પસંદ કરતી નથી તેઓ પશુપાલન, ખેતી, નોકરી, ગૃહ ઉધોગ વગેરે જેવા ઉધોગો સાથે સંકાળાયેલી છે તેથી તેમનામાં સ્વતંત્રતા અને સમાનતાની લાગણી વિકસી રહિ છે. તેમનામાં પોતાના સામાજિક – આર્થિક અને શૈક્ષણિક દરજ્જા પ્રત્યે જાગૃતિ વિકસી રહેલી જોવા માળે છે.

રાજકીય જાગૃતિ :

વર્તમાન સમયમાં સ્ત્રીને સામાર્થ્યવાન બનાવવાનો અભિગમ પ્રચલિત બન્યો છે. ભારતીય સંવિધાને સ્ત્રી અને પુરુષને સમાન ગણ્યા છે. સ્ત્રીઓ માટે કોઇ અલગ અધિકાર આપ્યો નથી. પરંતુ સ્ત્રીઓ માટે અલગ કાયદો બનાવ્યા છે, સ્ત્રીઓને રાજકીય સમાનતા મળે તે માટે તેમને મતાધિકાર આપવામાં આવ્યા છે રાજકારણ એક એવુ ક્ષેત્ર છે જેમાં સ્ત્રીઓની સામેલગીરી નહીંવત છે. વિશ્વના વિકસતા દેશમાં, વિકસિત દેશોમાં અને વિકાસશીલ દેશોમાં સ્ત્રીઓ શિક્ષિત હોવા છતાં રાજકારણમાં ખૂબ જ ઓછા અંશે આગળ આવે છે ક સ્ત્રીઓમાં, આ મતાધિકાર પરત્વે જાગૃતતિ આવી છે પરંતુ તેમાં વિવિધ જૂથો, ધર્મો, પ્રદેશ વચ્ચે ભિન્નતા જોવા મળે છે.

સ્ત્રીઓમાં આવેલ રાજકીય જાગૃતિ એટલે સ્ત્રીઓ પોતાનો મતાધિકાર સમજે, રાજકીય ક્ષેત્રોમાં ભાગીદારી નોંધાવે, રાજકીય ક્ષેત્રે થતા બદલાવો તેમજ વર્તમાન રાજકીય બાબતો અંગે જાણકારી ધરાવે તેમજ ગ્રામીણ ક્ષેત્રની સ્ત્રીઓ, ગ્રામસભા, પંચાયતના સભ્યપદો, પંચાયતની સમિતિઓ, પંચાયતમાં સ્ત્રી માટે અનામત સીટી અંગેની વિગતો, ગામ સરપંચ અને તેમની ફરજો અંગેની વિગત, તલાટી, તાલુકાવિકાસ અધિકારી, પંચાયતની ભૂમિકા અંગેની જાણકારી ધરાવતી થાય અને તે અંગે સમજણ કે સભાનતા ધરાવતી હોય તો તેને સ્ત્રીઓમાં આવેલ રાજકીય જાગૃતિ કહિ શકાય.

વર્તમાન સમયમાં આદિવાસી સમાજોમા રાજકીય બાબતો પ્રત્યે જાગૃતિ આવિ રહિ છે પરંપરાગત સમયમાં દરેક આદિવાસી જાતિનું પોતાનું અલગ જાતિ પંચ હતું તેમા તેમના ઝધડા, વિવિધ પ્રકારની સમસ્યા અંગેનું નિરાકરણ થતું અને તેમાં જે મુખી હોય તેના મૃત્યુ પછી તેના પૂત્રને જ મુખી બનાવવાનો રિવાજ હતો પરંપરાગર જાતિપંચ હતું. પરતું પ્રવર્તમાન સમયમાં આદિવાસી સમાજોમાં રાજકીય બાબતો પ્રત્યે સભાનતા વિકસી છે. તેમજ દરેક ગામની અલગ ગ્રામપંચાયત જોવા મળે છે. તેમજ અમુક ગામોમાં સમરસ ગ્રામપંચાયત જોવા મળે છે તેમના સરપંચની નિમણૂક ચૂટણી દ્વારા થાય છે તેમા ગ્રામજનો મતદાન કરી

અને તેમના સરપંચને ચૂટે છે. જેમાં આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા પણ મહત્વની જોવા મળે છે દરેક આદિવાસી સ્ત્રીઓ પોતાની મરજી મુજબ મતદાન કરી શકે છે. તેઓ રાજકારણની બાબતો પ્રત્યે રસ લે છે તે અંગે ચર્ચા કરે છે. અનામત પ્રથાના કારણે આદિવાસી સ્ત્રીઓ સરપંચ, તાલુકા પ્રમુખ, જિલ્લા પ્રમુખની ભૂમિકા ભજવે છે. આજ થી ઘણા વર્ષો પેહલા સરપંચ મહિલા હોય પરંતુ તેની કામગીરી તેના પતિ કે પૂત્ર દ્વારા થતી હતી. પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રી પોતે જ કામગીરી કરતી જોવા માળે છે.

પ્રવર્તમાન સમયની શિક્ષિત યુવતીઓ તેમના મતદાન, સરપંચ, ગ્રામસેવક, તાલાટી, ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લાપંચાયત વગે અંગે માહિતિ ધરાવતી જોવા માળે છે. અને તેની કામગીરી તેમના હક્કો પ્રત્યે સભાન છે તેઓ સ્વતંત્ર રીતે પોતાની ઇચ્છા મુજબ ચૂટણીમાં ઉમેદવારી નોધાવી શકે છે મતદાન કરી શકે છે અને રાજકીય અનામત પ્રથાઓ લાભ લેતા જોવા માળે છે. જે શિક્ષિત આદિવાસી યુવતીઓમાં રાજકીય બાબતો પ્રત્યે પરિવર્તન દર્શાવે છે તેમનો રાજકીય દરજ્જો સુધર્યો છે એમ કહી શકાય.

સમાપન: -

૨૧ મી સદીનો આધુનિક યુગ પ્રગતી અને પરિવર્તનનો ઝડપી યુગ છે જેની અસર આદિવાસી સમાજ અને આદિવાસી સમાજની સ્ત્રીઓના ઉપર થઇ છે. આદિવાસી સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં પરિવર્તનની લહેર છવાઇ રહી છે. શિક્ષણ, શહેરીકરણ, ઉધોગીકરણ, કુટુંબ, લગ્ન, આર્થિક સ્વાવલંબન, સમૂહસંચારના સાધનો, બંધારણીય હકો અને કાયદાકીય જોગવાઇ, આધુનિકીકરણ, વાહનવ્યવહારના સાધનો, મહિલા સશકિતકરણ, સ્વૈચ્છિક સંગઠનો વગેરે પરિબળો અને પ્રકિયાઓના કારણે આદિવાસી સ્ત્રીઓના સામાજિક અને રાજકીય જીવનમાં પરિવર્તન આવ્યું છે. તેમનો સામાજિક અને રાજકીય દરજ્જામાં સુધારો થયો છે, અને તે અંગે જાગૃતિ વિકસી છે.

**સંદર્ભસૂચિ:**


1. ઉપાધ્યાય ચંદ્રાકાંત (૨૦૦૯) આદિવાસી: પરંપરા અને પરિવર્તન, ગુજરાત સાહિત્ય અકાદમી,અમદાવાદ
2. જોશી, વિધૂત (૨૦૦૮), પારિભાષિક શબ્દકોશ, યુનિવર્સિટી ગ્રંથ નિમાણ બોર્ડ અમદાવાદ
3. દવે, હર્ષિદા (ડૉ) (૧૯૯૯), આદિવાસી મહિલાઓ અને વિકાસ યુનિવર્સિટી ગ્રંથ નિમાણ બોર્ડ અમદાવાદ
4. મકવાણા, રમેશ (ડૉ) (૨૦૦૮), એકવીસમી સદીમાં મહિલાઓમું સ્થાન અને ભૂમિકા, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ
5. રાવલ, ચંદ્રિકા (ડૉ), ડો. શૈલેજાધ્રૃવ (૨૦૦૮) ગુજરાતમાં સ્ત્રીઓનો દરજ્જો પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ
6. રાવલ, ચંદ્રિકા (ડૉ), ડો. શૈલેજાધ્રૃવ (૨૦૧૪) સ્ત્રીઓ અને સમાજ,પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ